# ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ

**(ગુજરાત સરકારનું જાહેર સાહસ)**
**કર્મયોગી ભવન, બ્લોક નંબર–૧, બી–૧ વીંગ, ત્રીજો માળ,**
**સેકટર–૧૦/એ, ગાંધીનગર–૩૮૨૦૧૦**

રાજયના સફાઈ કામદારો અને તેમના આશ્રિતોને સ્વરોજગારી પુરી પાડવાના હેતુથી રાજય સરકાર દ્વારા ઉપલબ્ધ થયેલ ફંડમાંથી નીચે જણાવેલ યોજનાઓ અન્વયે સફાઈ કામદાર અને તેઓના આશ્રિતો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

**<u>સીધા ધિરાણની યોજના :–</u>**

| ક્રમ | યોજનાનું નામ | અંદાજીત યુનિટ | યુનિટ કોસ્ટ વધુમાં વધુ (રૂા.) | ઓનલાઈન ફોર્મ ભરવાની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | મહિલા સમૃધ્ધિ યોજના (MSY) | ૨૫૦ | ૧,૦૦,૦૦૦/– | તા. ૨૬/૦૬/૨૦૨૫ થી તા. ૨૬/૦૭/૨૦૨૫ |
| ૨ | માઈક્રો ક્રેડિટ ફાઈનાન્સ યોજના (MCF) | ૨૫૦ | ૧,૦૦,૦૦૦/– | |
| ૩ | વ્યકિગત લોન યોજના | ૧૫૦ | ૨,૦૦,૦૦૦/– | |
| ૪ | પેસેન્જર ઓટોરીક્ષા | ૧૦૦ | ૩,૦૦,૦૦૦/– | |
| ૫ | જનરલ ટર્મલોન યોજના (GTL) | ૩૦ | ૧૦,૦૦,૦૦૦/– | |
| ૬ | વ્હીકલ લોન યોજના | ૪૦ | ૧૫,૦૦,૦૦૦/– | |

**ઓનલાઈન અરજી કરવામાં અસમર્થ અરજદારે જરૂરી આધાર–પુરાવા સહિત તાલુકા કક્ષાએ સમાજ કલ્યાણ નિરીક્ષક અને જિલ્લા કક્ષાએ મદદનીશ જિલ્લા મેનેજરશ્રીનો સંપર્ક કરવાનો રહેશે. જે આપની લોન અરજી ઓનલાઈન કરવા માટે મદદરૂપ થશે.**

**<u>શરતો :–</u>**

(૧) મૂળ ગુજરાત રાજયના વતની હોય તેવા સફાઈ કામદાર કે તેમના આશ્રિત હોય તેવી વ્યકિતઓને આ લોન મેળવવાપાત્ર થાય છે.
(૨) અરજદાર સફાઈ કામદાર કે તેમના આશ્રિતની ઉંમર જાહેરાતની તારીખે ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
(૩) બી.પી.એલ/વિધવા/ત્યકતા/વિકલાંગને અગ્રીમતા આપવામાં આવશે.
(૪) મહિલા લાભાર્થીને અગ્રીમતા આપવામાં આવશે.
(૫) વાહન માટે અરજી કરનાર જાહેરાતની તારીખે વાહન ચલાવવાનું લાયસન્સ ધરાવતાં હોવા જોઈએ.
(૬) સમયસર હપ્તા ન ભરનાર લાભાર્થી પાસેથી ૨% દંડનીય વ્યાજ લેવામાં આવશે.
(૭) યોજનાના લાભાર્થીને આપવામાં આવતા લાભ માટે DBT પધ્ધતિ અનુસરવાની રહેશે.
(૮) અરજદારે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમમાંથી લોન/ધિરાણની યોજનામાં લાભ લીધેલ હોય અને નિયમિત વસુલાત ભરતા હોય અથવા ના–લેણાં પ્રમાણપત્ર મેળવેલ હોય તેવાં સફાઈ કામદાર અને તેમના આશ્રિતોને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.
(૯) ધિરાણ મેળવ્યા બાદ રૂા. ૧,૦૦,૦૦૦/– સુધીના ધિરાણ કેસમાં ત્રણ વર્ષના એકસરખા માસિક હપ્તામાં લાભાર્થીએ લોન પરત ભરવાની રહેશે અને રૂા. ૧,૦૦,૦૦૦/– ની ઉપરના ધિરાણમાં (પાંચ) વર્ષના એકસરખા માસિક હપ્તામાં ૫ થી ૬ ટકાના વ્યાજદરે લોન લાભાર્થીએ પરત ભરવાની રહેશે.
(૧૦ રૂા. ૧,૦૦,૦૦૦/– સુધીનું ધિરાણ મેળવવા માટે ૦૫–પોસ્ટડેટેડ ચેક, એક સરકારી/સ્થાવર મિલકત ધરાવતા હોય તેવા જામીનદાર અને રૂા. ૧,૦૦,૦૦૦/– થી વધુના ધિરાણમાં ૧૦–પોસ્ટડેટેડ ચેક અને બે સરકારી/સ્થાવર મિલકત ધરાવતા હોય તેવા જામીનદારો રજુ કરવાના રહેશે.

**<u>ઉપર મુજબની પાત્રતા ધરાવતી વ્યકિતઓ આ નિગમની યોજનાઓનો લાભ લેવા માટે તા. ૨૬/૦૬/૨૦૨૫ થી તા. ૨૬/૦૭/૨૦૨૫ સુધી નિગમની વેબસાઈટ https://esamajkalyan.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. અરજી ફોર્મ કન્ફોર્મ થયા બાદ અરજદારે અરજી ફોર્મની પ્રિન્ટ જરૂરી આધાર–પુરાવા સહિત સંબંધિત જિલ્લા કચેરીને તા.૩૧/૦૭/૨૦૨૫ નાં રોજ ૧૮ : ૦૦ કલાક સુધીમાં જમા કરાવવાના રહેશે.</u>**

**મેનેજીંગ ડિરેકટર**
ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ
ગાંધીનગર